EDII

The Economic Times (Guj)

April 01, 2019
Pg.No.2

# EDIIની ફ્લેગશિપ ઈવેન્ટ એમ્પ્રેસરિયો સ્ટાર્ટઅપ સમિટ યોજાઈ

**અમદાવાદઃ** આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયા (EDII)ની ૮મી વાર્ષિક ફ્લેગશિપ ઈવેન્ટ 'એમ્પ્રેસરિયો સ્ટાર્ટઅપ સમિટ ૨૦૧૯' ગયા સપ્તાહે યોજાઈ હતી. ભારતમાં સ્ટાર્ટ-અપ ઈકોસિસ્ટમ ઝડપથી વિકસી રહી છે, છતાં દેશના અર્થતંત્રના સંપૂર્ણ અને સર્વાંગી વિકાસ માટે અને ખાસ કરીને તેની સાથે સંકળાયેલા તમામ પક્ષોના સર્વસમાવેશક વિકાસને સુનિશ્ચિત કરવા અંતરિયાળ વિસ્તારો સુધી પહોંચવાની જરૂર છે એમ નિષ્ણાતોએ જણાવ્યું હતું. છેલ્લાં થોડાં વર્ષોમાં ભારતમાં મોટાં મોટા શહેરોમાં સ્ટાર્ટઅપ્સમાં વધારો જોવાયો, પણ સ્ટાર્ટ-અપ કલ્ચર હજુ પણ મુખ્ય શહેરોમાં જ કેન્દ્રિત છે. EDIIના ડિરેક્ટર ડો. સુનિલ શુક્લાએ કહ્યું હતું કે, "આધુનિક ઉદ્યોગસાહસિકતાનું સૌથી વધુ આશ્વાસન આપતું પાસું એ છે કે મહિલાઓ પરંપરાગત વ્યાવસાયિક તકો પ્રવેશ કરી રહી છે અને હાઈ-ટેક તકો ઝડપવા સક્રિયપણે વિચાર કરે છે.